ગાંધીનગર સમાચાર

# મીઠાં જુઠ્ઠાણાં

કોઈ નાના બાળકનું મોઢું ચોકલેટથી ભરેલું હોય, તમે એને પૂછો છો કે, 'તે ચોકલેટ ખાધી?' બધા પૂરાવા એની વિરોધમાં છે એ જાણવા છતાં એ મોઢામાં રહેલી ચોકલેટ ઝડપથી ચાવવા લાગે અને ડોકું ધુણાવતા 'ના' કહે ત્યારે, કયા માબાપ એમના વ્હાલાને કહી શકે છે કે, તું જુઠ્ઠું બોલી રહ્યો છે?

આને કહેવાય મીઠાં જુઠ્ઠાણાં. ખબર છે કે બાળક તમને છેતરી રહ્યો છે અને તોય એની વાત માની લેવાનું મન થાય. કેટલાક હોંશિયાર બાળકો તો આવા સમયે એવું રડમસ મોઢું બનાવી લે કે એમને કંઈ કહી જ ન શકાય. આંખોમાં પાણી ભરાઈ આવ્યા હોય અને જેવું લાગે કે તમે એની વાત માની લીધી છે તરત જ જે નટખટ મુસ્કાન એના ચહેરા પર ખીલી જાય. હજારો રૂપિયા ખર્ચે પણ એ સ્મિત જોવા જેવી મજા બીજે ક્યાંય ના આવે.

બાળકોને સત્ય અને જૂઠની સમજ આપવી જરૂરી છે પણ જે ઉંમરે એ આ બધાથી પરે હોય ત્યારે એ ઈશ્વર સ્વરૂપ હોય છે અને એનું એ નાનકડું જૂઠ આપણને વ્હાલું લાગે છે. આવા નાના નાના પણ હકીકત જાણીને મનમાં આનંદ થાય એવા જૂઠ ફક્ત બાળકો જ બોલે છે એવું માનવું ભૂલ ભરેલું છે હોં...

તમે યાદ કરો, આવું જુઠ્ઠાણું ક્યારેક તો તમે પણ ચલાવ્યું જ હશે. પોતાની માનીતી વ્યક્તિને રાજી રાખવા કે એની લાગણીને ઠેસ ન પહોંચે એવું કરવા જતા આ જૂઠ બોલવું પડે છે અને મજાની વાત એ કે એનો ક્યારેય અફસોસ નથી થતો.



## લવ યુ જિંદગી

નિયતી કાપડીયા

તમે પિતા છો તો યાદ કરો, ક્યારેક તમને ખૂબ ભાવતી વાનગી તમાર દીકરાને પણ ભાવતી હોય ત્યારે એ વધારે ખાઈ શકે એટલે, 'મારે નથી ખાવી.' એવું જૂઠ તમે બોલ્યા છો કે નહીં? તમે પત્ની છો તો યાદ કરો ક્યારેક તો એવું બન્યું જ હશે કે કોઈ ખૂબ જ ગમી ગયેલી સાડી એની ઉપર છપાયેલી કિંમત જોઈ અને પતિના ગજવામાં કેટલા રૂપિયા છે એ વિચારી, 'ઠીક છે, બહુ સારી નથી.' એવું કહ્યું હતું. સાસરે ગયેલી દીકરી પહેલીવાર પિયર આવે અને માબાપ પૂછે કે, 'કેમ છે બેટા?' ત્યારે દીકરીનો જવાબ એક જ હોય, 'મજામાં છું, મારી ચિંતા ના કરતા.'

પરિવાર સાથે જ નહીં આવા જૂઠ એ દરેક સંબંધમાં બોલાતા હોય છે જ્યાં એકબીજાની ફિકર છે. તમારા પાક્કા દોસ્તનું પેપર સારું નથી ગયું એ જાણ્યા બાદ તમે એના પપ્પાને એમ નહિ કહી શકો કે, 'મારું પેપર ખૂબ સારું ગયું છે, ખૂબ સરળ હતું.હ્ર કોઈને તમે પસંદ કરતા હો અને એ આવીને તમને ભાઈ કહી જાય ત્યારે તમે એને સાચું નથી જ કહી શકતા. એ રાખડી બાંધે તો તમે સામે ગિફ્ટ આપી આવશો અને જીવનભર એના છોકરાઓના મામા બની રહેશો પણ ક્યારેય એને જણાવી નહિ શકો કે હું તને દિલથી ચાહતો હતો, ચાહું છું! ક્યારેક મિત્રોને સારું લગાડવા તો ક્યારેક એમને ગમતું કરવા આપણે જૂઠ બોલી નાખીએ છીએ અને એ જ તો છે, મીઠાં જુઠ્ઠાણાં.

ક્યારેક પરિવારની આબરૂ રાખવા જૂઠ બોલાતું હોય. ખાસ કરીને વેવાઈને ત્યાં કોઈ પ્રસંગે જવાનું થાય ત્યારે, આપણે ત્યાં એમના કરતા બધું જ સારું છે, ચડિયાતું છે એવું કહેવામાં કોઈ પાપ નથી નડતું. ખબર હોય કે આ ખોટું છે છતાં બધા જતું કરે, એકબીજાનું માન જાળવી રાખે. વરસો બાદ પિયર ગયેલી સ્ત્રી એનો પતિ સારુ કમાય છે અને એને ખૂબ સારી રીતે રાખે છે એ બતાવવા જે પણ કહે એના પિયરીયા વિરોધ નથી કરી શકતા. એક ભાઈને સારું લગાડવા બીજો ભાઈ પોતાની કંગાળ હાલત છુપાવી જૂઠ પર જૂઠ બોલતો હોય ત્યાં સાચ જૂઠ ના પારખા કરે એ મૂરખ ઠરે.

જીભ કહે એ સત્ય, અસત્ય હોય શકે પણ મૌનની, ના કહેવાયેલા શબ્દોની, આંખોની ભાષા જે ઉકેલી શકે એ જ આવા મીઠાં જુઠ્ઠાણાં માણી શકે.

**અમસ્તું,**

ક્યારેક ચા વધારે ગળી થઈ ગઈ હોય અને પતિ પત્નીનો કપ પણ પોતે પી જઈ કહે, 'આજે ચા મસ્ત બનેલી મેં બે કપ પી નાખી.' ત્યારે એ જૂઠ, જૂઠ નહીં પ્રેમ કહેવાય.


@kapadianiyati

# નિસર્ગ કોમ્યુનીટી સાયન્સ સેન્ટર દ્વારા શ્રીનિવાસ રામાનુજનના જન્મદિવસની ઉજવણી કરાઈ

ગાંધીનગર,તા. ૨૩

ગુજરાત કાઉન્સિલ ઓન સાયન્સ એન્ડ ટેકનોલોજી, પ્રેરિત નિસર્ગ કોમ્યુનિટી સાયન્સ સેન્ટર ધ્વારા વર્ષ દરમિયાન વિવિધ વિજ્ઞાનલક્ષી કાર્યક્રમોનું આયોજન કરવામાં આવે છે. જેમાં વર્ષ દરમિયાન વિવધ વૈજ્ઞાનિકો અને ગણીતશાસ્ત્રીઓના જન્મદિવસની ઉજવણી કરવામાં આવે છે અને તેમની સેવાઓને યાદ કરવામાં આવે છે. જેનાથી વિદ્યાર્થીઓમાં ગણિત અને વિજ્ઞાન વિષય પ્રત્યે રસઅને રૂચી કેળવાય છે તેમજ તેમને પ્રોત્સાહન મળે છે.

૨૨ મી ડીસેમ્બર સમગ્ર ભારતમાં નેશનલ મેથેમેટિક્સ દિવસ તરીકે ઉજવાય છે. ભારતના મહાન ગણિતશાસ્ત્રી શ્રીનિવાસન રામાનુજન અઈયાર નો જન્મ આ દિવસે થયો હતો.જેના ભાગ રૂપે આ દિવસ નેશનલ મેથેમેટિક્સ દિવસ તરીકે ઉજવાય છે. આ મહાન ગણિતશાસ્ત્રી એ વૈદિક ગણિત, મેજીકલ સ્કેવર તથા શૂન્યનું સ્થાન વગેરે વિશે અનેક સિદ્ધિઓ નાની ઉમરમાં હાસીલ કરી હતી.




નિસર્ગ કોમ્યુનિટી સાયન્સ સેન્ટર ધ્વારા પણ દર વર્ષે આ દિવસની ઉજવણી અંતર્ગત વિવિધ કાર્યક્રમોનું આયોજન કરવામાં આવે છે. આ વર્ષે કોરોનાની મહામારી ને કારણે વેબીનારના માધ્યમથી વિદ્યાર્થીઓ માટે પ્રાઉડ ફોર ઈન્ડિયા રામાનુજન સર અને ફન વિથ મેથ્સના વિષય પર આયોજન કરવામાં આવ્યું.


આ વેબિનારના વક્તા તરીકે સરકારી વિજ્ઞાન કોલેજ ગાંધીનગરના પ્રોફેસર ડૉ. ઉમેશ તળપદાએ શ્રીનિવાસ રામાનુજન ના જીવનચરીત્ર તેમજ તેમને ગણિત વિષયમાં કરેલી શોધો વિશે રસપ્રદ માહિતી આપી હતી.ખુબજ નાની ઉમરમાં ટીબીના રોગને કારણે તેમનું અવસાન ન થયુ હોત તો દુનિયામાં ગણિત શેત્રે ભારતનો ડંકો વગાડવાની તેમની શ્રમતા હતી તેવું જણાવ્યું હતું.ગણિત ક્ષેત્રે હજુ સુધી કોઈને નોબેલ પારિતોષિક મળ્યું નથી તેવી વાત કરી હતી. તેમને વિદ્યાર્થીઓને ગણિત શેત્રે માં પણ નોબેલ પારિતોષિક મળે તેવી શુભકામનાઓ પાઠવી હતી.

વિદ્યાર્થીઓને શ્રીનિવાસ રામાનુજનના જીવન વિશેની ડોક્યુમેન્ટરી ફિલ્મ પણ દેખાવવામાં આવી હતી. નિસર્ગ સાયન્સ સેન્ટરના મેનેજીંગ ટ્રસ્ટી ડૉ.અનિલભાઈ પટેલે પ્રાસંગિક ઉદ્બોધન કર્યું હતું. આ વેબિનારમાં સરકારી વિજ્ઞાન કોલેજના વિદ્યાર્થીઓ તેમજ ગાંધીનગરની વિવિધ શાળાઓના વિદ્યાર્થીઓ, શિક્ષકો મોટી સંખ્યામાં જોડાયા હતા. આ વેબીનારને સફળ બનાવવા નિસર્ગ સાયંસ સેન્ટરના કો-ઓડીનેટર હાર્દિક મકવાણા, શિવાંગ પટેલ અને કોમ્યુંનીકેટર ધવલ પટેલ દ્વારા ભારે જહેમત ઉઠાવવામાં આવી હતી.

## જન્મદિને વધામણી



અમીતા ચિરાગ ગોહેલ
મો. ૯૯૨૪૦ ૨૪૬૫૬



વિક્ષા સચિન ભટ્ટ



નિવાન મિલન પ્રજાપતિ



હની અનિલકુમાર લોધા

જન્મદિનો વધામણી વિભાગ અંતર્ગત કોઈપણ વાચક પોતાની તસવીરો પ્રકાશન માટે મોકલી શકે છે. પરંતુ, વાચકોને વિનંતી છે કે મોડામાં મોડી આ તસવીરો જન્મદિવસ હોય તેના અગાઉના દિવસે એક વાગ્યા સુધીમાં અખબારને મળી જાય. વાચકો ઈચ્છે તો આ વિભાગમાં પ્રકાશન હેતુ પોતાની તસવીરો અગાઉથી પણ મોકલાવી શકે છે.

- સંપાદક

# ગાંધીનગર સાહિત્યસભાનો દીપોત્સવી અંક 'શબદ' રૂબરૂ મુલાકાત દ્વારા મેળવી સભ્યો ખુશખુશાલ થયા

ગાંધીનગર, તા. ૨૩

ગાંધીનગર સાહિત્યસભા દ્વારા એનો પ્રથમ દિપોત્સવી અંક પ્રકાશિત કરવામાં આવ્યો છે... ગાંધીનગર સાહિત્યસભા દીપોત્સવી અંક વિમોચન બાદ પાંચ સભ્યોને રૂબરૂ મુલાકાત દ્વારા અંક ભેટ આપી એમના રૂબરૂ આશિર્વાદ લેવા એવું નક્કી કરવામાં આવ્યું હતું. ગાંધીનગર સાહિત્યસભા દીપોત્સવી 'શબદ' અંક રૂબરૂ આપવાની વાત કારોબારી સભ્યોને પસંદ આવી ગઈ અને પછી સૌએ સ્વેચ્છાએ ઓછામાં ઓછા પાંચ સભ્યોને દીપોત્સવી અંક રૂબરૂ આપવાનો સંકલ્પ કર્યો.

વિમોચન બાદ સૌ કારોબારી સભ્યો પોતાની અનુકૂળતા મુજબ સભ્યના ઘરે પહોંચવા લાગ્યા અને સૌને રૂબરૂમાં અંક ભેટ આપવા લાગ્યા અને એમની સાથે ફોટો લઈને ગાંધીનગર સાહિત્યસભા ગ્રુપમાં પોસ્ટ કરવા લાગ્યા. તમને જાણીને આનંદ થશે કે છે કે અત્યાર સુધી ૧૭૫ સભ્યોના ઘરે દીપોત્સવી અંક રૂબરૂ પહોંચી ગયો છે... ગાંધીનગર સાહિત્યસભાના અધ્યક્ષ સંજય થોરાત, ઉપાધ્યક્ષ કલ્પેશ પટેલ, મહામંત્રી રમેશ ઠક્કર, સલાહકાર કિશોર જિકાદરા સહિત રમણભાઈ વાઘેલા, પ્રતાપસિંહ ડાભી, અશ્વિન ત્રિવેદી, ઉમંગ વસાણી, મહેન્દ્ર



રાઠોડ, ડો. દિશા પોપટ, નેહલ ગઢવી અને અજય રાવલ સૌએ નિસ્વાર્થ ભાવે આ પ્રત્યક્ષ અંક પહોંચાડી સભ્યોની લાગણી જીતી લીધી છે.

ગાંધીનગર મહાનગર પાલિકાના મેયર શ્રીમતી રીટાબહેન પટેલ, ડેપ્યુટી મેયર નાજાભાઈ ઘાંઘર સહિત ગાંધીનગરના ખ્યાતનામ સર્જક દોલત ભટ્ટ, દલપત પઢીયાર, ભાગ્યેશ જહા, ડો. કેશુભાઈ દેસાઈ, રાઘવજી માધડ, ડો. કનૈયાલાલ ભટ્ટ, વી. એસ. ગઢવી, પુલક ત્રિવેદી, ભાનુપ્રસાદ પુરાણી, રામ સ્વામી સહિત સાહિત્ય ભાવકોને સાહિત્યસભા દીપોત્સવી અંક રૂબરૂ મળતાં સૌએ આત્મીયતા અનુભવી હતી. ગાંધીનગર સાહિત્યસભા દીપોત્સવી અંક શબદ સૌને ગમે છે પણ સાથે અંગત રીતે રૂબરૂ અંક આપવાની વાત લાગણી સભર બની રહી છે. ગાંધીનગર સાહિત્યસભાના સૌ કારોબારી સભ્યો ગાંધીનગરના સાહિત્ય પ્રેમીઓનો દિલથી આભાર વ્યકત કરે છે. ગાંધીનગર સાહિત્યસભા દ્વારા આવનારા સમયમાં સૌ સભ્યોને ડિજિટલ ઓળખપત્ર આપવાની અને ઈલેક્ટ્રોનિક મેગેઝીન આપવાની જાહેરાત કરી છે. ગાંધીનગર સાહિત્યસભા દ્વારા ઘરે રૂબરૂ મુલાકાત દ્વારા દીપોત્સવી અંક ભેટ આપવાના વિચારને સૌએ દિલથી વધાવી લીધો છે.

# ગણપત યુનિવર્સિટીના ૧૪મો પદવીદાન સમારોહમાં ઓનલાઈન વાલીઓ-વિદ્યાર્થીઓ, શુભેચ્છકો જોડાયા

**વિદ્યાર્થીઓમાં બુદ્ધિપ્રતિભા ઉપરાંત મૂલ્યોનું પણ સિંચન થાય તે કેળવણીનો હેતુ છે : ચીફ ગેસ્ટ અને અમેરિકાના કાલ પોલિ યુનિ.ના પ્રેસિડેન્ટ ડો. સોરાયા કોલી મેડમનું મૂલ્યવાન મંતવ્ય**

ગણપત વિદ્યાનગર, તા. ૨૩

ગણપત યુનિ.નો ૧૪મો પદવીદાન સમારોહ ઓનલાઈન યોજાયો હતો. જેમાં દેશ-વિદેશથી લોકોઓએ ઓનલાઈન હાજર રહી સહભાગી થવાનો આનંદ માણ્યો હતો.




અગાઉ તા. ૧૫, ૧૬, ૧૭ અને ૧૮ ડિસેમ્બરે ગણપત યુનિ.ની વિવિધ જ્ઞાન-શાખાઓ (ફેકલ્ટીઝ)ના વિદ્યાર્થીઓએ અલગ દિવસે મર્યાદિત સંખ્યામાં ઉપસ્થિત થઈ યુનિ. પરિસરમાં યોજાયેલ કોન્વેકશન-૧૪ના સમારોહમાં પોતાની ડિપ્લોમા ડિગ્રી, માસ્ટર અને પીએચ.ડી.ની પદવીઓ પ્રાપ્ત કરી હતી. ત્યારબાદ ૨૨મીઓ ઓનલાઈન યોજાયેલ મુખ્ય પદવીદાન સમારોહની વિશેષતા એ હતી કે તેમાં કોન્વેકશન-૧૪ના ચીફ ગેસ્ટ, અમેરિકાની કેલિફોર્નિયા પોલિટેકનિક યુનિ., પમોનાના પ્રેસિડેન્ટ વિદ્વાન મહિલા મેડમ સોરાયા એમ. કૉલી અને વિશેષ અતિથિ તરીકે ગણપત યુનિ.ના પેટ્રેન ઈન ચીફ અને પ્રેસીડેન્ટ ગણપતભાઈ પટેલ ખાસ ઓનલાઈન જોડાઈને વિદ્યાર્થીઓને જીવનમાં સફળતા પ્રાપ્ત કરે તેવી શુભકામનાઓ પાઠવી હતી.

# જીઈબી સ્કૂલ ગાંધીનગર ખાતે મધ્યસ્થા અવેરનેશ કાનૂની શિબિર વેબીનાર યોજાયો

ગાંધીનગર, તા. ૨૩

ગુજરાત રાજય કાનૂની સેવા સત્તામંડળ, અમદાવાદ, જિલ્લા કાનૂની સેવા સત્તામંડળ, ગાંધીનગરના સંયુકત ઉપક્રમે ગાંધીનગર સ્થિત જીઈબી સ્કૂલ ખાતે એક કાનૂન શિબિર અંગે વેબીનારનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં મીડિયેશન (મધ્યસ્થતા) અવેરનેશ અંગે પેરાલીગલ વોલન્ટીયર - મિડિયેટર વકતા તરીકે સુધીરભાઈ સમાધાન અમુક કેસોમાં




શકય છે તેની વિગતવાર છણાવટ સ્કૂલ સ્ટાફ સમક્ષ સરળ શૈલીમાં કરી હતી.

આ વેબીનારમાં મુખ્ય મહેમાન તરીકે જિલ્લા કાનૂની સેવા સત્તા મંડળના સેક્રેટરી અને સિનિયર જજ ગઢવી સાહેબ ખાસ ઉપસ્થિત રહ્યા હતા. શાળાના પ્રિન્સિપાલ શ્રીમતી દિપ્તીબેન સ્વાદિયા એ પ્રારંભિક સ્વાગત પ્રવચન કરી વેબીનાર વિષયની પૂર્વભૂમિકા પ્રસ્તુત કરી પ્રોત્સાહન પુરું પાડ્યું હતું.





ગાંધીનગર ખાતે આવેલ એસ એસ વી કેમ્પસના વિદ્યાર્થીઓએ રાષ્ટ્રીય ખેડુત દિવસની ઉજવણી કરી હતી જેમાં વિદ્યાર્થીઓએ જાતે જ ખેતી કામ કરી ધરતીપુત્ર બનવાનો અનુભવ કર્યો હતો. જેમાં વિદ્યાર્થીઓએ અનેક પ્રકારની પ્રવૃત્તિ કરી સમાજને સંદેશો પાઠવ્યો હતો કે સામાન્ય લાગતો ખેડૂતએ આપણા જીવનનો અભિન્ન અંગ છે અને આપણો અન્ન દાતા છે. આપણે હંમેશા આભારી રહીશું.

# ગુજરાતીઓ પણ જોડાશે સંરક્ષણ ક્ષેત્રે - સમર્પણ કોલેજ અને ડિફેન્સ યુનિકોર્નનો પ્રશંસનીય પ્રયાસ

ગાંધીનગર, તા. ૨૩

૨૩ ડિસેમ્બરના રોજ ગાંધીનગર સ્થિત ડિફેન્સ યુનિકોર્નની શાખા અને સેકટર-૨૮ સ્થિત સમર્પણ કોલેજ દ્વારા અનોખી પહેલ હાથ ધરવામાં આવેલ હતી. બન્ને સંસ્થાઓના સંયુક્ત ઉપક્રમે કે ઓનલાઈન કાર્યક્રમ વિદ્યાર્થીઓના ઉજ્જવળ ભવિષ્ય માટે યોજવામાં આવ્યો હતો. ઉલ્લેખનીય છે કે આ કાર્યક્રમમાં ઓનલાઈન એટલે કે વેબીનાર દ્વારા વિવિધ કોલેજના વિદ્યાર્થીઓને જે તે પ્લેટફોર્મ થકી સંબોધવામાં આવેલ જેમાં વિદ્યાર્થીઓને સંરક્ષણ ક્ષેત્રે કારકિર્દી તથા સંરક્ષણની વિવિધ પ્રવૃતિઓથી માહિતગાર કરવામાં આવ્યા હતા. સમગ્ર કાર્યક્રમની રૂપરેખા ડિફેન્સ યુનિકોર્નના માર્ગદર્શક અને મેનેજમેંટ ટીમના સભ્ય નિવૃત કમાન્ડન્ટ ભારદ્વાજ સાહેબ દ્વારા તૈયાર કરવામાં આવી હતી. કાર્યક્રમમાં મુખ્ય વક્તા તરીકે હિતેન્દ્રસિંહ સરએ હાજરી આપી દરેક વિદ્યાર્થીઓને સંરક્ષણ ક્ષેત્ર તથા તેના વિવધ આયામો વિષે વિગતવાર માહિતી આપી હતી.ગાંધીનગર સ્થિત ડિફેન્સ યુનિકોર્નના વડા હિતેન્દ્રસિંહના જણાવ્યા અનુસાર આ કાર્યક્રમ યોજવા પાછળના હેતુ આજના વિદ્યાર્થીઓના મસ્તિષ્કમાં આપણા




દેશ વિશેની સમજ અને દેશભક્તિ વધુ સુદ્રઢ બને એ તો હતો જ પણ એક બીજો વિચાર એ પણ હતો કે આ કાર્યક્રમ થકી વધુ માં વધુ વિધાર્થીઓને ના ફક્ત સંરક્ષણ ક્ષેત્રના વિવિધ આયામો વિશે માહિતગાર કરીએ પણ એમને આ ક્ષેત્રમાં પ્રવેશ કરવાનો ઉચિત રસ્તો પણ બતાવીએ. વિદ્યાર્થીઓ સંરક્ષણ ક્ષેત્રને એક કારકિર્દી રૂપે વિચારી આગળ વધી ગુજરાત તથા પુરા ભારતનું નામ રોશન કરે. ઉલ્લેખનીય છે કે આ વેબીનારમાં સમર્પણ કોલેજના વિદ્યાર્થીઓએ પણ ખૂબ ઉત્સાહભેર ભાગ લઈને આ વેબીનારને સફળ બનાવવામાં મદદ કરી હતી. વિદ્યાર્થીઓના જણાવ્યા અનુસાર એમને આ વેબીનાર થકી ખૂબ અગત્યની માહિતી પ્રાપ્ત થઈ હતી. ના ફક્ત સંરક્ષણ ક્ષેત્રના વિભાગો વિશે પણ આ દરેક વિભાગોમાં પ્રવેશ માટે લેવામાં આવતી વિવિધ પ્રવેશ પરીક્ષાઓ જેવી કે સી.ડી.એસ , એન.ડી.એ , એ.એફ.સી.એ.ટી તથા સી.એ.પી.એફ જેવી પરીક્ષાની ખૂબ અગત્યની માહિતી પ્રાપ્ત થઈ હતી.જ્યારે આજ નો વિદ્યાર્થી સીમિત પરીક્ષાઓ જ વિચારી ફક્ત એની જ મહેનત કરે છે ત્યારે ડિફેન્સ યુનિકોર્ન ગાંધીનગર તથા સમર્પણ કોલેજના આ ખૂબ જ જવાબદારી ભર્યા પગલાંથી ના ફક્ત આજનો વિદ્યાર્થી ચીલાચાલુ કારકિર્દીમાંથી બહાર આવશે પણ ગુજરાતનું સંરક્ષણ ક્ષેત્રે કારકિર્દીમાં નામ આગળ લાવવામાં મદદરૂપ કરશે.

# ૨૯મી એ 'આર્ષ' શોધ સંસ્થાન, અક્ષરધામ, ગાંધીનગર દ્વારા ઓનલાઇન 'સદ્ગુરુ મુક્તાનંદ સ્વામીની પ્રેરક - જીવનગાથા વિષય પર પ્રવચન યોજાશે

ગાંધીનગર, તા. ૨૩

ઈશુ ખ્રિસ્તના બાર એપોસ્ટલ્સ હતા, મહાવીર પ્રભુના અગિયાર ગણધર હતા, બુદ્ધ ભગવાનના પાંચ આદ્ય ભિક્ષુઓ હતા, શંકરાચાર્યના ચાર પટ્ટ શિષ્ય હતા, વલ્લભાચાર્યના અષ્ટસખા હતા. એ સહુ તે તે ધર્મમાર્ગમાંના સ્તંભો હતા. એમના સહયોગથી ધર્મના મહેલ રચાયા ને ઊભા છે.

સ્વામિનારાયણ ધર્મમાર્ગના સ્તંભો કેવાક હતા? ગુણાતીતાનંદ, મુક્તાનંદ, બ્રહ્માનંદ, પ્રેમાનંદ, ગોપાળાનંદ, નિષ્કુળાનંદ, ભૂમાનંદ, દેવાનંદ, નિત્યાનંદ વગેરે સૂર્ય ફરતી જેમ સૂરજમાળ અને ચંદ્ર ફરતી નક્ષત્રમાળ છે એવી ભગવાન સ્વામિનારાયણના ફરતી બ્રહ્મચર્ય ને વૈરાગ્યની સાત્વિક મૂર્તિઓ સમી પાંચસો પરમહંસોની સંતમાળ હતી. તેમાં અગ્રિમ સ્થાન શોભાવે એવા કૃપાપાત્ર સદ્ ગુરુ પૂ. મુક્તાનંદ સ્વામી હતા. ભગવાન સ્વામિનારાયણે સ્વયં વચનામૃત મધ્ય.૬૨માં કહ્યું છે કે, એવા દાસત્વભક્તિવાળા તો આ જે ગોપાળાનંદ સ્વામી અને મુક્તાનંદ સ્વામી છે.

'સત્સંગની મા' ના વહાલસોયા બિરુદથી ઓળખાતા મુક્તાનંદ સ્વામી. જેમને જીવંતપર્યંત પોતાના ઈષ્ટદેવ એવા પ્રત્યક્ષ શ્રીહરિ ભગવાન સ્વામિનારાયણના સંબંધની વાણી તથા ૨૧ થી વધુ ગ્રંથો-શાસ્ત્રોની રચના કરી. ભગવાન સ્વામિનારાયણથી ઉંમરમાં ૨૩ વર્ષ મોટા એવા મુક્તાનંદ સ્વામીની મર્યાદા ખુદ ભગવાન સ્વામિનારાયણ પણ જાળવતા.

કવિ અને તેમાંય સંગીતકાર ઉપરાંત નૃત્યકલામાં પણ અત્યંત નિષ્ણાત. શાસ્ત્ર તથા નાડી પરીક્ષણ આદિ વૈદવિદ્યાના પણ અભ્યાસી. ગમે તેવા ક્રોધી માનવીનો ક્રોધ શાંત કરી દેવાની અદ્ ભૂત આવડતવાળા મુક્તાનંદ સ્વામી. તેમની જીવનગાથા દ્વારા સર્વોત્તમ ભક્ત કેવા હોય? , સર્વોત્તમ ગુરુ કેવા હોય? અને સર્વોત્તમ શિષ્ય કેવા હોય? તે સમજવા માટે આર્ષ પ્રવચનમાળાના આ વખતના મણકાનો સંગીતના સાજ સાથે લાભ લઈએ. આર્ષ ત્રૈમાસિક પ્રવચનમાળા પ્રવચન-૯૪ વ્યક્તિવિશેષ અંતર્ગત 'સદ્ ગુરુ મુક્તાનંદ સ્વામીની પ્રેરક- જીવનગાથાહ્ર વિષય પર પ્રવચનનું આયોજન વર્તમાન કોરોના મહામારીને કારણે તા.૨૬-૧૨-૨૦૨૦, શનિવાર સાંજે ૦૫-૦૦ થી ૦૭-૦૦ કલાક દરમ્યાન ઓનલાઈન (આમંત્રણપત્ર તથા પ્રવચનની લિંક અહીંથી મેળવશો. https://drive.google.com/file/d/1-HaVITKBNOLDfoy9mmEbogax8H9RHGkP/view?usp=sharing) રાખેલ છે. જેમાં સંગીતજ્ઞ બી.એ.પી. એસ. સ્વામિનારાયણ મંદિર, નવસારીના પૂ. કૃષ્ણપ્રિયદાસ સ્વામી પોતાની લાક્ષણિક શૈલીમાં કીર્તન ભક્તિ સાથે આ વિષય પર પ્રવચન આપશે. સાથે સદ્ ગુરુવર્ય પૂજ્ય ઈશ્વરચરણદાસ સ્વામીના આશીર્વચનનો પણ લાભ મળશે.

આ પ્રવચનનો લાભ લેવા સુજ્ઞ જનતાને ભાવભીનું નિમંત્રણ છે.